# પ્રાંતિજની એશીયન ગ્રેનીટો ઈન્ડીયા લી. કંપનીને ૧૧૫,૮૬૮નો ચેક અર્પણ

પ્રાંતિજ, તા. ૩
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ ખાતે આવેલ મહેસાણા ખાતે યોજાયેલ ગુજરાત ગૌરવ અને વિશ્વ શ્રમિક દિનની ઉજવણી નિમિત્તે યોજાયેલ કર્મચારીઓને પ્રસુતિ સહાય, શિક્ષણ સહાય, ઉચ્ચતર શિક્ષણ સહાય તેમજ વિહારધામ




એશીયન ગ્રેનીટો ઈન્ડીયન લી. કંપનીને મહેસાણા ખાતે યોજાયેલ ગુજરાત ગૌરવદિન અને વિશ્વ શ્રમિક દિનની ઉજવણી નિમિત્તે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના હસ્તે ૧૧૫,૮૬૮નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

શ્રમયોગી સંમેલનમાં સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે આવેલ એશીયન ગ્રેનીટો ઈન્ડીયા લી.ને રૂપિયા- ૧૧૫,૮૬૮નો ચેક નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના હસ્તે આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કંપનીના યોજનાના ચેકો પણ આપવામાં આવ્યાં હતા. કાર્યક્રમમાં કંપનીના ડાયરેકટર જયંતિભાઈ પટેલ તથા એક.આર મેનેજર નિકુલભાઈ હાજર રહ્યા હતાં અને નાયબ મુખ્યમંત્રીના હસ્તે અપાયેલ ચેકનો સ્વીકાર કર્યો હતો.

# એક્ટિવ પ્રેસ ગ્રુપ અને નગરપાલિકાના દ્વારા વિશ્વ પ્રેસ સ્વતંત્ર દિવસની વણઝારી વાવની સફાઈ કરી ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૩
આજે વિશ્વ પત્રકાર સ્વતંત્રતા દિવસ હોય ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા



ખાતે આવેલી ૧૫મી સદીની અને હાલ બિસમાર ઐતિહાસિક વણઝારી વાવનો સફાઈ અભિયાન કાર્યક્રમ મોડાસા એકિટવ પ્રેસ એસોસિએશન અને નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના તમામ પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનિક મીડિયાના પત્રકારો તેમજ મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખ સહિતનો સ્ટાફ તેમજ સામાજિક કાર્યકરો, નગરજનો ઉપસ્થિત રહી વાવમાં રહેલી ગંદકી દૂર કરવાની શરૂઆત કરી હતી અને સ્થળ પર ઉપસ્થિત નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે જ્યાં સુધી સંપૂર્ણ રીતે વાવની સફાઈ ના થાય ત્યાં સુધી આ પૌરાણિક વણઝારી વાવમાં સફાઈ કામ ચાલુ રહેશે અને આ વાવની કાયમી જાળવણી થાય તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવશે અને આ ઝુંબેશમાં સહભાગી થવા બદલ તમામ પત્રકારોને અને નગરજનોએ અભિનંદન આપ્યા હતા.

## મોડાસાની વિદ્યાર્થિની યુનિવર્સિટી પરીક્ષામાં સાતમા નંબરે



મોડાસા, તા. ૩
ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસ.સી. (સી.એ. અને આઈ.ટી.) કોલેજની વિદ્યાર્થિની શાહ પુજા ભરતકુમારે યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ જુન-૨૦૧૮ની સેમીસ્ટર-૪ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ સાતમો ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. તથા કોલેજનું પરિણામ ૯૨ ટકા આવેલ છે. આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સમગ્ર સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.






અરવલ્લી જીલ્લાના ભિલોડામાં મકાઈ સંશોધન કેન્દ્રમાં ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો હતો.ખેડુતોને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ ખેડુતલક્ષી યોજનાઓથી વાકેફ કરાયા હતા.ખેડુતોને ખેતીલક્ષી વિવિધ પ્રકારની વિસ્તૃત માહિતી પ્રાસંગીક પ્રવચન દરમ્યાન અપાઈ હતી.કિસાન આઈ પોર્ટલ,ખેડુતોની સહાયલક્ષી યોજનાઓની માહિતી અને કૃષી વિજ્ઞાનીઓ ધ્વારા વિશેષ માર્ગદર્શન ખેડુતોને અપાયું હતું.વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક કેવી રીતે બમણી કરવી તેના ઉપર ભાર મુંકાયો હતો.

# નર્મદા યોજનાની કેનાલ નેટવર્કમાં સફાઇ-મરામતની કામગીરી પુરજોશમાં

**૧૬ જિલ્લાના ૬૫ તાલુકાઓમાં કામગીરી પ્રગતિમાં : સિંચાઇ માટે છેવાડાના ખેડૂતોને પાણી મેળવવામાં સરળતા રહેશે અને કેનાલ ઉભરાવવાથી આજુબાજુના ખેતરોમાં થતું નુકશાન નિવારી શકાશે**

ગાંધીનગર, તા. ૩
રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં ગુજરાત સ્થાપના



દિનથી સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાનનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શુભારંભ કરાયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનાના કેનાલ નેટવર્કમાં પણ સફાઈ તેમજ મરામતના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે એમ સરદાર સરોવર નર્મદા નિગમની યાદીમાં જણાવાયું છે.

વધુમાં જણાવ્યાનુસાર અને કેનાલ ઉભરાવાથી આજુબાજુનાં ખેતરોમાં થતું નુકશાન નિવારી શકાશે.



રાજ્યભરમાં યોજાઈ રહેલ આ અભિયાન સંદર્ભે નર્મદા નિગમ દ્વારા નર્મદા યોજનાનાં કેનાલ નેટવર્કમાં રાજ્યનાં ૧૬ જિલ્લાઓનાં ૬૫ તાલુકાઓમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના પરીણામે હવે આગામી સિઝનમાં સિંચાઈ માટે પાણી છેક છેવાડાનાં વિસ્તારના ખેડૂતોને પહોંચાડવામાં સરળતા રહેશે

નર્મદા કેનાલમાં સફાઈ અને મરામતની કામગીરી સૌરાષ્ટ્ર વિસ્તાર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહી છે. કેનાલની સાફ-સફાઈ તથા મરામતની કામગીરીમાં ખેડૂતોનો પણ વ્યાપક સહકાર સાંપડી રહ્યો છે. આ કામગીરીથી કમાન્ડ વિસ્તારનાં ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# પ્રાંતિજ ખાતે વક્તા સંજય રાવલનો કાર્યક્રમ યોજાયો

**અશરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રોગ્રામનું આયોજન : જ્ઞાન-ગમ્મત-હાસ્ય ત્રણેય એક સાથે મળતા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અશરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુપ્રસિધ્ધ વક્તા સંજય રાવલનો કાર્યક્રમ અને શ્રેષ્ઠ વક્તા સંજય રાવલનો કાર્યક્રમ પ્રાંતિજ ખાતે અશરફી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નગરપાલિકા સ્કુલ લીધો હતો. હાસ્ય સાથે જ્ઞાન અને ગમ્મત પીરસનાર સંજય રાવલના પ્રાંતિજ ખાતે પણ કેટલાય ફેન્સ આવેલા છે. તો



યોજવામાં આવ્યો હતો. સંજય રાવલ દ્વારા તેની આગવી શૈલીમાં કાર્યક્રમ નિહાળવા આવેલ પ્રક્ષકોના દિલ જીતી લીધા હતા.

જ્ઞાન હાસ્ય અને ગમ્મતથી હજારો પ્રેક્ષકોના દિલમાં સ્થાન પ્રાપ્ત કરનાર ગુજરાતના પાલનપુરના વતની શેઠ.પી.એન્ડર આર હાઈસ્કુલના ગાઉન્ડમાં યોજાયો હતો. પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૨૦૦૦થી પણ વધારે ચાહકો ઉપસ્થિત રહ્યાં રહી ભય મુકત જીવન તથા વ્યક્તિત્વ વિકાસ અને અનોખો સેમિનારમાં વક્તા સંજય રાવલની વાણીનો લાભ ટીવી ઉપર કે ફેસબુક મોબાઈલના માધ્યમથી જોતાં તેના ફેંડોને સંજય રાવલનો કાર્યક્રમ રૂબરૂ નિહાળવા મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. પ્રોગ્રામ સેમીનાર બાદ સંજય રાવલ સાથે તેના ફેન્સો દ્વારા સેલ્ફી લેવા પડાપડી થઈ હતી.

# બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અન્વયે પૂરજોશમાં ચાલતી કામગીરી

પાલનપુર, તા. ૩
વરસાદના વહી જતા પાણીને તળાવો, ચેકડેમો અને ખેત તલાવડીઓ વગેરેમાં રોકીને વિરાટ પ્રમાણમાં જળસંગ્રહ કરી ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા સરકારશ્રી દ્વારા તા. ૧ લી મે થી વિરાટ પાયે જળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અનુસાર બનાસકાંઠા જિલ્લામાં તમામ તાલુકાઓમાં વિશાળ પાયે વિવિધ કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે. સુજલામ સુફલામ જળ અભિયાન અંગે પાલનપુર ખાતે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે જળ સંચયના આ અભિયાનને સંપૂર્ણ સફળ બનાવવા દરેક તાલુકાઓમાં સુપરવીઝન માટે વર્ગ-૧ના લાયઝન અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે.

કલેકટરે અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરતા જણાવ્યું કે જળ સંચયના આ વિરાટ અભિયાનમાં લોકો પણ ઉત્સાહ અને ઉમંગભેર જોડાય અને પ્રચંડ જનસમર્થન મળે એ રીતે કામગીરી કરીએ. બાકી રહેતા કામો તાકીદે શરૂ કરવા કલેકટરે અધિકારીઓને સુચના આપી હતી. કલેકટરે કહ્યું કે આ અભિયાન અન્વયે નદીઓને જીવંત બનાવવાનું પણ આયોજન છે.

આ અભિયાન અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ૩૮૪ તળાવો, ૧૦૭ ચેકડેમો, ૧૧ જળાશયો એક રેલ રિવર ડીસીલ્ટીંગ કરીને ઉંડા કરવામાં આવશે. તેમજ ૩ કેનાલ, ૯૭૯ કેનાલ સાયફન અને ૩૭૯૦ એરવાલ્વ રિપેરીંગ કરવામાં આવશે. અભિયાન અનુસાર ૨૯ નદીનાળા સાફ કરીને પાણીનો બગાડ અટકાવવામાં આવશે. તેમજ ૮૫ જેટલા સરકારી મકાનોનું પાણી રેઈનવોટર હાર્વેસ્ટીગ સીસ્ટમથી જળ સંચય કરવામાં આવશે. જળ સંચય માટેની આ તમામ કામગીરીમાં ૪૬૮ યુનિટ મશીનરીનો ઉપયોગ કરાશે. આ તમામ કામગીરી માટે રૂ.૪,૨૬,૭૪,૮૦૦ના ખર્ચનું આયોજન છે.

## આંધીનો આતંક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા આ તોફાના કારણે જનજીવન ખોરવાઈ ગયુ હતુ. પંજાબમાં પણ તેની અસર જોવા મળી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે કહ્યુ છે કે પશ્ચિમી ઉત્તરપ્રદેશના છ જિલ્લામાં ૬૪ લોકોના મોત થયા છે. જે પૈકી આગરામાં સૌથી વધુ ૪૫ લોકોના મોત થયા છે. બિઝનૌરમાં ત્રણ લોકોના મોત થયા છે. સહારનપુરમાં બે લોકોના મોત થયા છે. ચિત્રકુટમાં એક, રાયબરેલીમાં એક અને બરેલીમાં એક વ્યક્તિનુ મોત થયુ છે. કાનપુરમાં પણ બે લોકોના મોત થયા છે. ઉત્તરપ્રદેશના મહેસુલી અને રાહત અધિકારીએ કહ્યુ છે કે મોતનો આંકડો વધી શકે છે. આગરામાં સૌથી વધારે અસર થઈ છે. ઉત્તરપ્રદેશના ૩૧ જિલ્લાઓમાં સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. આગરાના સંબંધિત વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, ૨૪ કલાકની અંદર રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. રાજ્ય સરકારે મૃતકોના પરિવારને ૨૪ કલાકમાં ૪-૪ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ઘાયલ થયેલા લોકોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયતા જાહેર કરવામાં આવી છે. આગરાના શહેરી ક્ષેત્રના બદલે ગ્રામિણ વિસ્તારોમાં વધારે તબાહી થઈ છે. માત્ર ૯૦ મિનિટ સુધી આંધી, વરસાદ અને પ્રચંડ પવનના કારણે સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. શહેરી ક્ષેત્રોમાં હોર્ડિંગ્સ પડી ગયા હતા. તાજમહેલ સંકુલમાં પણ બે વૃક્ષો ધરાશાયી થયા છે. એકલા આગરામાં શહેર અને ગ્રામિણમાં મળીને ૪૫ના મોત થયા છે. ખેરાગઢમાં સૌથી વધુ ૧૫ના મોત થયા છે. બીજી બાજુ જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનના બીકાનેર, ભરતપુર, અલવર અને ધૌલપુરમાં તોફાનના કારણે સૌથી વધારે નુકસાન થયુ છે. રાજસ્થાનમાં ૧૩૭ના મોત થયા છે. આ તમામ જિલ્લાઓમાં વિજળી ડુલ થઈ ગઈ છે. ચુરુ, પિલાની, દોસા અને ઝુંઝુનુમાં કરા પડ્યા છે. રાજસ્થાનના પાટનગર જયપુરમાં પણ વરસાદી છાંટા પડ્યા છે. જાનમાલનું ભારે નુકસાન થયું છે. મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાએ તમામ અધિકારીઓ અને મંત્રીઓને તોફાનગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ જવા અપીલ કરી છે. માર્યા ગયેલા લોકો અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. ગુલાબચંદ કટારિયા અને અલવર અને અરુણ ચતુર્વેદીને ધોલપુરની જવાબદારી સોંપવામાં આવી છે. હાલત ખુબ જ કફોડી બનેલી છે. આગરા જિલ્લામાં ૪૮.૨ મીમી વરસાદ થયો છે.

અલવરમાં ત્રણ, ભરતપુરમાં ૯ અને ધોલપુરમાં બેના મોત થયા છે. તોફાનની ગતિ આશરે ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની હોવાની માહિતી મળી છે. સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. પાટનગર જયપુરમાં પણ અસર જોવા મળી છે. કેટલાક વિસ્તારોમાં વરસાદી છાટ્યા પડ્યા હોવાના પણ અહેવાલ મળ્યા છે. આંધીની કારણે જાનમાલનુ ભારે નુકસાન થયુ છે. વિનાશક આંધીના કારણે અલવરમાં કારથી ભરેલી એક ટ્રેક ઉંધી વળી ગઈ હતી.

## સ્લીપ મોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્ણાટકમાં કોઈ પાર્ટીને બહુમતિ મળશે નહીં. ત્રિશંકુ વિધાનસભા સર્જાશે. ગઠબંધનની રાજનીતિ શરૂ થશે. મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકમાં ભાજપ પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવશે. આમા કોઈપણ શંકા દેખાઈ રહી નથી. મોદીએ કહ્યું હતું કે, કોઈપણ રાજકીય પંડિતોને પુછવામાં આવે તો કહેશે કે જેડીએસ ત્રીજા નંબર ઉપર રહેશે પરંતુ એક બુદ્ધિશાળી મતદાર તેમના માટે મત આપશે નહીં. મોદીએ દાવા સાથે કહ્યું હતું કે, જ્યાં કંઈ પણ ભાજપની સત્તા છે ત્યાં લોકો ખુશ છે અને જ્યાં કોંગ્રેસ સત્તામાં છે ત્યાં માત્ર કોંગ્રેસના નેતાઓ અને તેમના સગાસંબંધીઓ ખુશ છે.

## શોભતી નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ છે. સીધા શબ્દોમાં કહેવામાં આવે તો આ ચોરી છે પરંતુ આ મુદ્દે વડાપ્રધાન કોઈ નિવેદન કરશે નહીં. રાહુલે કહ્યું હતું કે, મોદી તેમની મજાક ભલે ઉડાવે પરંતુ તેમના પ્રશ્નોના જવાબ આપે તેમ તમામ લોકો ઈચ્છે છે. નિરવ મોદી ૩૦૦૦૦ કરોડ રૂપિયા લઈને ભાગી ગયા છે તે અંગે મોદી કોઈ વાત કરતા નથી. રેડ્ડી બંધુઓને છોડાવી લેવામાં આવ્યા છે અને મોદી ભ્રષ્ટાચારની સામે લડવાની વાત કરી રહ્યા છે. કોંગ્રેસની ઉપલબ્ધીઓની ચર્ચા કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ દરેક યુવતીને કિન્ડર ગાર્ડનથી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી શિક્ષણ અપાવ્યું છે. દરેક શહેરમાં ઈન્દિરા કેન્ટીન ખોલવામાં આવી છે. દરેક ગામમાં સાત કિલો ચોખા આપવામાં આવી રહ્યા છે. રાહુલે પ્રહાર કરતા કહ્યું હતું કે, કર્ણાટકમાં ચૂંટણી છે પરંતુ વડાપ્રધાનની પાસે બોલવા માટે કોઈ મુદ્દા નથી. બે કરોડ નોકરીઓ આપી નથી. માર્ગો બન્યા નથી. એકાઉન્ટમાં ૧૫ લાખ રૂપિયા આવ્યા નથી. મોદી પાસે બોલવા માટે કંઈ નથી જેથી રાહુલ ગાંધી અંગે વાત કર્યા રાખે છે. કોંગ્રેસ અધ્યક્ષે મોદીને કર્ણાટકના લોકપ્રિય સંત બસવાનાનો દાખલો આપ્યો હતો અને કહ્યું હતું કે, બસવાનાએ કર્ણાટકને રસ્તો બતાવ્યો હતો. આવી જ રીતે દેશના યુવાનો મોદી તરફ જોઈ રહ્યા છે. રોજગાર માટે, માર્ગો માટે, નોકરીઓ માટે દેશ વડાપ્રધાન તરફ જુએ છે. વડાપ્રધાન દેશને રસ્તો બતાવે તે જરૂરી છે.

## સસ્પેન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તપાસ કરવી જરૂરી છે. આ કૌભાંડમાં હજુ સાત આરોપી પોલીસ કર્મચારીઓ નાસતા ફરે છે, તેથી તેઓના વિશેની માહિતી પણ આરોપી એસપી પાસેથી કઢાવવાની છે, આરોપીના તાબાના કર્મચારીના ઘરે તપાસનીશ એજન્સીએ પાડેલા દરોડા દરમ્યાન એસપી જગદીશ પટેલે છુપાવેલા અગત્યના દસ્તાવેજો મળી આવ્યા છે અને તેથી તેને લઈને પણ તપાસ કરવાની છે. આ સંજોગોમાં કેસની તપાસ ન્યાયિક હિતમાં જરૂરી હોઈ આરોપી એસપીના વધુ રિમાન્ડ મંજૂર કરવા જોઈએ. આ દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી એસપી જગદીશ પટેલના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજીબાજુ, રાજ્ય સરકાર દ્વારા આરોપી એસપી જગદીશ પટેલ વિરૂધ્ધ આજે ગંભીર શિક્ષાત્મક કાર્યવાહીનો આદેશ કર્યો હતો અને તેમને ડિમ્ડ સસ્પેન્શન હેઠળ ઉતારી દેવાયા હતા. જેને પગલે હવે આગામી દિવસોમાં જો તેમને કદાચ કોર્ટમાંથી જામીન મળી પણ જાય તો પણ તેઓ ફરજ પર હાજર નહી થઈ શકે. સરકારના ગૃહવિભાગ દ્વારા આ અંગેનો આદેશ પણ જારી કરી દેવાયો છે.

## મકાનો તોડવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૬ મકાનો ખાલી કરાવવા માટે પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સે-૯ માં જ-૨ કક્ષાના ૧૨૦ મકાનો તોડી નાંખવા માટે પણ તંત્ર કક્ષાએ દરખાસ્ત કરવામાં આવી છે. ડિઝાઈન સર્કલના અભિપ્રાય બાદ આખરી નિર્ણય લેવાશે. હાલ ટુંકમાં જ સે-૨૦માં છ કક્ષાના સરકારી આવાસો તોડવા માટે કામગીરી શરૂ કરી દેવાશે.

## નારાજગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયની માંગ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આત્મારામકાકા મોટી વયે પંચાયતના સભ્ય થયા ત્યાર બાદ તેમણે કેટલા કાર્યોથી તે પંચાયતી રાજ વ્યવસ્થામાં મોભી તરીકે ઉભર્યા હતા.

ચાવડાએ તેમના પ્રવચનમાં પંચાયતોના સભ્યોને વિધવા પેન્શનના કેસો, મફત ઘરથાળના પ્લોટ તેમજ સુજલામ સુફલામ જળસંચય અભિયાનમાં થતી રોજેરોજની કામગીરીથી લોકોને વાકેફ કરી તમારી જાગૃતતાના દર્શન કરાવો.

તેમણે જણાવ્યુ હતુ કે જમીન વિકાસ નિગમના ભ્રષ્ટાચારને ઢાંકવા સરકારે અભિયાન ઉપાડ્યુ છે તે તકનો લાભ લઈ આપણે પ્રજાના હિતમાં તે કામની ગુણવત્તાનો આગ્રહ રાખીએ એટલુ જ નહિ તેમાં થનારા જળસંગ્રહથી પણ થનારા ફાયદાની વાતો કરીએ અને કેટલુ પાણી આપ્યુ તેનો હિસાબ રાખીએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રેરીત રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને જિલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષ દ્વારા તાલુકા-જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં ચૂંટાયેલા કોંગ્રેસ પક્ષના જનપ્રતિનિધીઓને તાલીમ આપવા માટે ''રાજીવ ગાંધી પંચાયતીરાજ તાલીમ શિબિર'' ડૉ.બાબા સાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨,ગાંધીનગર ખાતે આજરોજ સવારે ૧૦ થી ૧ કલાલ સુધી યોજાઈ હતી. શિબિરમાં સમગ્ર જિલ્લામાંથી કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, ચૂંટણી લડેલા ઉમેદવારો ઉપરાંત જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં પંચાયતી રાજના નિષ્ણાતો દ્વારા વિવિધ યોજનાઓ પ્રજા સુધી કેવી રીતે પહોંચાડવી અને કેવી રીતે પ્રજાભીમૂખ વાહીવટ કરવો તેમજ વર્તમાન ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા પંચાયતી રાજના માળખાને દિનપ્રતિદિન જે રીતે નબળું કરવામાં આવી રહ્યું છે ત્યારે પંચાયતી રાજના ત્રી સ્તરીય માળખાને વધુ મજબૂત અને અસરકારક બનાવવા એક જન પ્રતિનિધિ તરીકે પોતાની ભૂમિકા શું હોઈ શકે તે વિષય પર માર્ગદર્શન આપી પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. શિબિરમાં ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખ અને રાજીવ ગાંધી પંચાયતીરાજ સંગઠનના ગુજરાત એકમના ચેરમેન જગદીશભાઈ ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, ડૉ.સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પૂર્વ ધારાસભ્યો સર્વ કામીનીબા રાઠોડ,બાબુસિંહ ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ભરતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું.

## નીલગાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતી વાડ ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે . ગાંધીનગર શહેરના સેકટરોમાં પણ મોટી સંખ્યામાં નીલગાય રખડતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. નીલગાયના આતંકમાંથી છુટવા માટે શહેરીજનોની અનેક રજુઆતોના અંતે પણ કોઈ નક્કર પગલા લઈ શકાયા નથી. સ્વભાવે ગભરૂ પ્રકૃતિની નીલગાયના લીધે જાનલેવા માર્ગ અકસ્માતના કિસ્સાઓ પણ જિલ્લામાં અનેક ધ્યાને આવ્યા છે. શહેરી વિસ્તારમાં પણ વન આરક્ષિત જગ્યામાં ઘણાં ઠેકાણે નીલગાયનો અડ્ડો છે. જે ગમે ત્યારે શહેરના મુખ્ય માર્ગ વચાળે દોડી આવતા અકસ્માત સર્જાય છે. આ ઉપરાંત નીલ ગાય નવા વાવેતરને અનુલક્ષી કુમણા રોપાઓ માટે પણ ખતરારૂપ પુરવાર થઈ છે. શહેરી વિસ્તારમાં રાજભવન નજીક સ્થિત સરકીટ હાઉસ પાછળના જંગલ વિસ્તારમાં પણ નીલગાયનો વિશેષ પ્રમાણમાં વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે વનતંત્ર પાસે નીલગાયને પકડીને સલામત સ્થળે છોડવા માટે પણ કોઈ સાધનો કે રસ્તો નથી.